સુવાસ ફેલાવનારાં ફૂલોનો વિકાસ ધીમે ધીમે થાય છે, જ્યારે ઘાસ ઝડપથી વિકસે છે
- શેક્સપિયર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર




Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૨૭ | ૧૬ જુલાઇ ૨૦૧૨, સોમવાર, અષાઢ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# મેટ્રો રેલના બાંધકામનો ઓક્ટોબરમાં પ્રારંભ

**જરૂરી ફંડના કારણે વિલંબ થયો,મેગા કંપનીએ જીએમડીસી પાસે ૨૫ કરોડ રૂપિયા માગ્યા : સ્ટેશનોને બીઆરટીએસ,ઈન્ટ્રાસિટી તેમજ એસટીની બસનું જોડાણ**







**પ્રથમ તબક્કામાં ૭૮૦૦ કરોડનો ખર્ચ થશે, ૨૭૧૬ કરોડ ફાયનાન્સિયલ ઈન્સ્ટીટ્યુટ પાસેથી લેવાશે, ૧૦૦૦ કરોડ બોર્ડ નિગમ પાસેથી લેવાશે**

**(વિશેષ પ્રતિનિધિ)**

ગાંધીનગર, તા.૧૫

અમદાવાદ-ગાધીનગર વચ્ચેની મેટ્રોરેલનું બાંધકામ ઓક્ટોબર-૨૦૧૨માં શરૂ થશે અને ત્રણ વર્ષના ગાળામાં પૂર્ણ કરાશે, એટલે કે મેટ્રો રેલનો પ્રથમ તબક્કો ૨૦૧૫માં પૂર્ણ થવાની સંભાવના છે. આ તબક્કાનો ખર્ચ વધીને ૭૮૦૦ કરોડ થયો છે.

રાજ્ય સરકારનું સ્વપ્ન છે કે મેટ્રોરેલ ઝડપથી શરૂ થાય પરંતુ ફંડીંગનો પ્રોબ્લેમ થયો છે. ભારત સરકાર પાસે હિસ્સો માગ્યો છે પરંતુ તે આવતા સમય થાય તેમ છે. આ રેલનું બાંધકામ વિલંબમાં પડવાનું કારણ આર્થિક આયોજન છે. સરકારે તેના નફો કરતાં જાહેર સાહસો પાસે હાથ લંબાવ્યો છે.

મેટ્રોરેલના સુપ્રિમો સંજય ગુપ્તાએ ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (જીએમડીસી)ના મેનેજીંગ ડિરેક્ટરને એક પત્ર લખ્યો છે અને તેમાં નાણાકીય મદદ માગી છે. મેટ્રો રેલના પ્રથમ તબક્કાનો પ્રારંભ કરવા આ નિગમ પાસે ૨૫ કરોડ માગવામાં આવ્યા છે.

પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આ પ્રોજેક્ટ માટે ૨૦૦૦ કરોડનું બજેટ એલોકેશન કરવામાં આવ્યું છે. રાજ્યના બોર્ડ-નિગમો પાસેથી ૧૦૦૦ કરોડ ઉઘરાવવામાં આવનાર છે, જ્યારે ૨૭૧૬ કરોડનું દેવું કરાશે, એટલે કે ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ ઈન્સ્ટીટ્યુટ પાસેથી આ રકમ મેળવવામાં આવશે.

મેટ્રોરેલના ટ્રેક પાસે રેવન્યુ જનરેશન થઈ શકે તે માટે રિયલ એસ્ટેટ ક્ષેત્રને જોડી દેવામાં આવ્યું છે. ટ્રેકની આસપાસ મોલ, મલ્ટીપ્લેક્સ, શોપીંગ સેન્ટર, હોટલ્સ સહિતના રેવન્યુ જનરેશન માટેના હથિયારનો ઉપયોગ સરકાર કરવા માગે છે.

પ્રથમ તબક્કામાં અમદાવાદના વાસણા થી સરખેજ હાઈવેનો પણ સમાવેશ થાય છે. હાલ ૫૭ જેટલા મેટ્રો સ્ટેશન મંજૂર કરવામાં આવ્યા છે, પછી જરૂરિયાત પ્રમાણે તેમાં વધારો કરવામાં આવનાર છે.

### સચિવાલય, મહાત્મા મંદિરથી વાયા ગિફ્ટ સિટી - એરપોર્ટ સુધીનો પ્લાન

મેટ્રોરેલના પ્રથમ ફેઝમાં ૩૫ કિલોમીટરનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં સચિવાલય, અક્ષરધામ, મહાત્મા મંદિર, ધોળાકુવા, પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, આઈઆઈટી, ઈન્ટરનેશનલ એરપોર્ટ અને ગિફ્ટ સિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ રૂટને બીઆરટીએસ, ઈન્ટ્રાસિટી બસ તેમજ એસટી નિગમની બસ સાથે જોડી દેવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે.

# ઓગષ્ટમાં ગરીબ કલ્યાણ મેળાનો બીજો તબક્કો યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

આગામી ઓગષ્ટ માસ દરમ્યાન રાજ્યભરમાં ગરીબ કલ્યાણ મેળાઓનો બીજો તબક્કો યોજવામાં આવશે અને આ માટેની તૈયારીઓ આરંભવા માટે જિલ્લાતંત્રને નિર્દેશો આપી દેવામાં આવ્યા છે.

રાજ્યભરમાં આ ગરીબ કલ્યાણ મેળાઓ માત્ર જિલ્લા સ્તરે જ યોજવામાં આવે તેવી હાલ વિચારણા ચાલી રહી છે અને આ અંગેનો કાર્યક્રમ એકાદ સપ્તાહમાં આખરી કરી દેવામાં આવશે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ ગરીબ કલ્યાણ મેળામાં જિલ્લાકક્ષાની જે યોજનાઓ છે તેના લાભાર્થીઓને આવરી લેવામાં આવશે.

ખાસ કરીને આવાસ યોજનાના લાભાર્થી તેમજ સ્વરોજગારીની યોજનાના લાભાર્થીઓને પસંદગી માટે અગ્રતા આપવામાં આવશે. આ મેળાઓ માટે જિલ્લાના મહત્વના વિસ્તારોની પસંદગી કરવાની રહેશે.

સરકાર દ્વારા ૨૦ ઓગષ્ટ સુધી મેળાઓનું આયોજન સંપન્ન કરી દેવાય તે રીતે વિચારાઈ રહ્યું છે. આ ગરીબ કલ્યાણ મેળા દરમ્યાન મુખ્યમંત્રી શ્રી મોદી તેમજ રાજ્ય મંત્રીમંડળના સભ્યો પણ જશે. જો કે મુખ્યમંત્રી ૧૦ જેટલા મેળાઓમાં હાજરી આપશે જ્યારે અન્ય મેળાઓમાં મંત્રીમંડળના સભ્યો હાજરી આપશે તેમ જાણવા મળેલ છે.

# કેશુભાઈએ ચૂંટણી લડવા તૈયારી બતાવી: બીજા નેતાઓ પણ લડશે

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત ભાજપના અસંતુષ્ટ જૂથ વિધાનસભાની ચૂંટણી લડે તેવા અણસાર છે. નવી પાર્ટીના ગઠન પછી આ નેતાઓ ગુજરાતભરમાં સંમેલનો કરીને ભાજપ અને કોંગ્રેસ સામે ત્રીજો મોરચો ખોલશે. પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ, સુરેશ મહેતા, પૂર્વ સાંસદ કાશીરામ રાણા અને પૂર્વ ગૃહમંત્રી ગોરધન ઝડફિયા એમ એકપછી એક નેતાઓ ચૂંટણી લડવાની જાહેરાત કરશે.

ગુજરાતમાં ઓગષ્ટ મહિનો રાજકીય રીતે ભારે હોવાનું જણાય છે. ૨૪મીએ કેશુભાઈ તેમની પાર્ટીની ઘોષણા કરે તેમ મનાય છે. લોક જનશક્તિ પાર્ટી-લોજપાએ તો કેશુભાઈને આમંત્રણ પણ આપી દીધું છે. એ ઉપરાંત તેઓ એનસીપી, એમજેપી, બીએસપી કે એસપી પણ જોઈન્ટ કરી શકે છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી લડવાનો નિર્દેશ આપતાં પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે જૂનાગઢમાં કહ્યું હતું કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે જે કંઈ કરવું પડે તે કરવાનો છું. હું વિધાનસભાની ચૂંટણી પણ લડીશ.



કેશુભાઈ ચૂંટણી લડે તો ક્યાંથી ઉભા રહેશે તેવા એક સવાલના જવાબમાં તેમના નજીકના મિત્ર કહે છે કે કેશુબાપા રાજકોટ-૨ અથવા તો વિસાવદરથી ચૂંટણી લડશે. તેમના માટે આ બે વિકલ્પ છે. જો રાજકોટમાંથી લડવાની જાહેરાત કરશે તો તેમની સીધી ફાઈટ નાણા મંત્રી વજુભાઈ વાળા સાથે હશે.

જૂનાગઢના સંમેલન પછી પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં મોદીના ભાજપને હરાવવા માટે મારે ચૂંટણી લડવી પડશે. પહેલા પાર્ટીનું ગઠન કરી ક્યાંથી લડવી તે જાહેર કરીશ. ૮૪ વર્ષના લાલકૃષ્ણ અડવાણી જો વડાપ્રધાનના ખ્વાબ જોઈ શકતા હોય અને લોકસભાની ૨૦૧૪ની ચૂંટણી લડવા તૈયાર હોય તો મારે પણ ચૂંટણીમાં ઝૂકાવવું જોઈએ.

કેશુભાઈ પટેલે ચૂંટણી લડવાનો ઈશારો આપતાં હવે તેમની સાથે જોડાયેલા તમામ નેતાઓ સુરેશ મહેતા, કાશીરામ રાણા, ગોરધન ઝડફિયા, અરવિંદ પટેલ સહિતના નેતાઓ વિધાનસભામાં ઝૂકાવશે તેવું લાગી રહ્યું છે.

**કોઇ નેશનલ પાર્ટી સાથે ટાઇઅપ કરે તેવી સભાવના, છેલ્લો વિકલ્પ એમજેપી હશે : સુરેશ મહેતા અને કાશીરામ રાણા પણ મેદાનમાં**

# મનપાને સત્તા સોંપણીના મુદ્દે આજે આંદોલન

**કોંગ્રેસ આયોજિત ધરણા-દેખાવો; પ્રદેશ આગેવાનો જોડાશે; લોકમત ઉભો કરાશે; સરકાર રાજકીય કિન્નાખોરી દાખવી રહી હોવાનો કોંગ્રેસનો આક્ષેપ**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાને સત્તાઓની સોંપણીના મુદ્દે આજે પહેલીવાર ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ધરણા અને દેખાવોનું આયોજન કરવામાં આવ્યું છે. આ મુદ્દો હવે રાજકીય લડાઈનો મુદ્દો બની ઉભરી રહ્યો છે. આ મુદ્દે લોકમત ઉભો કરવામાં આવશે તેમ કોંગ્રેસ પક્ષની યાદીમાં જણાવાયું છે.

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી મુકેશ પટેલ અને કોર્પોરેશન પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિઝુંડાએ જણાવ્યું છે આજે બપોરે ૨ થી ૫ દરમિયાન ધરણાનો કાર્યક્રમ ઘ-૩ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં પ્રદેશ નેતાઓ શ્રી નરહરિ અમીન, શ્રી નિશીથ વ્યાસ, શ્રી જશુભા રાણા, શ્રી હિમાંશુ પટેલ, ધારાસભ્યો સર્વશ્રી મહેન્દ્રસિંહજી વાઘેલા, શ્રી સુરેશભાઈ પટેલ, શ્રી બાબુજી ઠાકોર, મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, જિલ્લાના આગેવાનો સર્વ શ્રી

● અનુસંધાન પાન-૭ પર




Stockiest List - Gandhinagar Dist. | S. P. : N. M. Enterprise Gandhinagar - 99099 41892

| Customer Name | City | Mobile No. | Customer Name | City | Mobile No. |
|---|---|---|---|---|---|
| SHREE BRAHMANI TRADERS | ADALAJ | 97236 61259 | MAN ENTERPRISE | KUDASAN | 94270 21817 |
| SHREE PRAMUKH TRADERS | ALAMPUR | 98255 77299 | SHIVSHAKTI TRADERS | LEKAVADA | 99091 82726 |
| SANJAR SALES | BAHIYAL | 98794 09003 | BRAHMANI TRADING COMPANY | LIMBODARA | 99984 90278 |
| SHRI JALARAM TRADERS | CHANDRALA | 98983 10599 | AVADHOOT TRADERS | MAGODI | 9898790407 |
| MITA ENTERPRISES | CHHALA | 98988 01021 | SIDHESHWARI CEMENT DEPO | MUBRAKPUR | 94290 63823 |
| AESHVI ENTERPRISE | CHILODA | 99253 74003 | VIJAY TRADERS | PALAJ | 99040 81428 |
| UMIYA PLYWOOD | CHILODA | 99250 31083 | SHREE LAXMINARAYAN TRADING CO. | PETHAPUR | 99789 12064 |
| HET TRADERS | DABHODA | 81410 17688 | GURUKRUPA TRADERS | RAKHIAL | 96011 94730 |
| SHRI RAJ TRADERS | DEHGAM | 99748 54284 | PATEL KAMLESH DAHAYABHAI | RANDHEJA | 98242 81435 |
| DEV TRADER & BUILDING MATERIAL | DEHGAM | 99259 58281 | AMRUTLALA NATHALALSHAH | SADRA | 94284 15202 |
| DHANLAXMI STEEL TRADERS | GANDHINAGAR | 97260 42556 | HETAL TRADERS | SHERTHA | 99984 66457 |
| JAY BHAVNI TRADERS | GANDHINAGAR | 99987 44955 | YOGESHWAR TRADERS | VALAD | 97376 81797 |
| JAY VISAT PIPE TRADERS | GANDHINAGAR | 94284 07632 | SHREE BHAVANI TRADERS | VAVOL | 99247 40778 |
| DALWADI BUILDING MATERIAL SUPP. | GANDHINAGAR | 98981 92761 | SHRI MAHAKALI TRADERS | ZAK | 98258 96111 |
| BHAGWATI MARKETING | GANDHINAGAR | 99250 17137 | Company Markteing Staff : | | |
| SHREE GANESH STEEL CORPORATION | GANDHINAGAR | 98986 11879 | Kartikey Vyas | | 98796 05116 |
| BRAHMANI TRADERS | KOBA | 99245 06106 | Kinshuk Dave | | 83475 57002 |

